# કેમ કહેવી વાત!

*[ અંદર અનુભવાતું હોય તે કેવી રીતે કોને કહી શકાય? ]*

*- અષ્ટાવક્ર ગીતા*

આંખ મીંચો અને અંદર એક જુદું વિશ્વ દેખાય. અંદર ઊંડા ને ઊંડા ઊતરતા જઈએ. ક્યારેક આકાશ સામે જોતા રહીએ અને આપણી ભીતર પણ વિસ્તરે એક અનેરું આકાશ. અઢળક રંગોનો દરિયો એમાં હિલોળા લેતો હોય. ક્યારેક ઘટાટોપ ઘેરાય. પછી ઝરમર ઝરમર. એ ઝરમરની સાથે બધું ઓગળવા લાગે. હાથ-પગ-ચહેરો - શરીર આખું ગાયબ. અને પછી વિસ્તરી જઈએ અણુ-અણુમાં. વૃક્ષોની ડાળી પરથી સરકતાં સરકતાં ઊતરી જઈએ છેક ઊંડે. મૂળથીયે ઊંડે. મનના અતાગ રહસ્યલોક. આંખોને પણ હોય વિસ્મયની આંખ. એને ક્યારેક ફૂટે પાંખ. અને પછી કલમ ઉપાડી, હડપચી પર હાથ ટેકવી, વિચારસભર મુદ્રામાં નક્કી કરવા જેવું વિચારીએ – ચાલો, લખીએ આ બધું. આ બધું એટલે શું? લખવું એટલે શું? શું લખવું? જે છે તે!

જે છે તે – એટલે શું? કશું આંગળી ચીંધીને કહી શકાતું નથી. ક્યારેક હોય છે ગૂંગળામણ, ક્યારેક મથામણ – તલસવું – તડપવું અને છેવટે જોયા કરવું. કલમ

ઊંચકીએ તો કલમ પણ જોયા કરે. એક અક્ષર પાડે નહિ. ક્ષણો પ્રવાહી બનીને વહેવા લાગે. એ વહેતી ક્ષણોની વાત શબ્દકોશના શબ્દોમાં બંધાય નહિ. વાત માંડવી કઈ રીતે? વાત માંડીએ અને આખેઆખી વાત જ વહેતી વહેતી વિલીન! પ્રત્યેક ક્ષણને પોતાની આગવી વાત. પ્રત્યેક વાતનો સ્વભાવ વહેવાનો...

વિસ્મયની ફૂલ-પાંદડી પર રહસ્યનું ઝાકળબિંદુ! રહસ્ય એટલે શું? વૃક્ષને કૂંપળ ફૂટે તે રહસ્ય. હું કૂંપળને ફૂટતી જોઉં તે પણ એક રહસ્ય. રહસ્ય વિશે વિચારવાની વાત પણ છેવટે રહસ્યાત્મક અનુભૂતિ તરફ લઈ જાય છે. 'હોવા'ના રહસ્યથી માંડીને 'વિલય પામવા'ના રહસ્યને ઝૂલે ઝૂલતો હું વિમાસ્યા કરું છું. જોયા કરું છું.

આશ્ચર્ય હોય તો માત્ર એટલું જ કે કહી નથી શકતો કશુંય. કાગળ પરના આ અક્ષરો તો પ્રલાપ માત્ર. અને છતાં કશુંક કહેવાની ઝંખના તો રહ્યા જ કરે છે! કહેવા મથું છું તો ભ્રમણાઓ કલમની શાહી બનીને કલમમાં પ્રવેશી જાય છે અને અક્ષર રૂપે અવતરવા લાગે છે. જનમતા રહે છે પાર વિનાના શબ્દો જીવાતોની જેમ – સેંકડોની સંખ્યામાં. પછી તે અસ્તિત્વ માટે હવાતિયાં મારતાં મારતાં મૃત્યુ પામે છે; કે પછી અવતરે ત્યારે જ મૃત હોય છે આ બધા શબ્દો! એકાદ જીવતો શબ્દ મળી જાય તો સારું. અંદરની અકળામણ અવતરતી નથી શબ્દરૂપે. ઘટાટોપ ઘેરાય છે. વલખાટ અનુભવાય છે. કશુંક ધમપછાડા કરે છે રગેરગમાં. એને અવતારવા માટે શબ્દોનું માધ્યમ કદાચ માફક નથી આવતું. કેમ કહેવી વાત!!

કેમ કહેવી વાત કે જે વાતનો પિંડ શબ્દોથી બંધાતો નથી. કશુંક છે જે વ્યક્ત થઈ શકતું નથી. – અને આ બધું પાછું કહેવું કોની આગળ! કોને કહેવી વાત જે વાત ક્યાંયથી શરૂ થતી નથી. પૂરી પણ થતી નથી એ વાત. આગળ પણ વધતી નથી. જેને આકાર જ નથી ને કોઈ! જે છે છતાં નથી. કોને કહેવી આ વાત! કઈ રીતે કહેવી!

*(ઉદ્દેશ : ઑગસ્ટ, ૧૯૯૧)*

# સમય

પંખીના ઊડી ગયા પછી ઝૂલ્યા કરતી ડાળ જેવો સમય મને તાકે છે. લાલ લાલ ઇન્દ્રગોપની જેમ સમય સરકતો હોય છે મારી હથેળીમાં તો ક્યારેક એ મને હાથતાળી દઈને ભાગી છૂટે છે અને પછી ચાલતો રહે છે પોતાની ગતિએ. કદીક હવામાં ફંગોળાતો તો કદીક કોઈ કાદવિયા રસ્તે પગલાં પાડતો; મારા સંદર્ભોને ગૂંથતો અને એમાં ગૂંથાતો; એમ કરીને મને ગૂંચવતો અને પોતે ગૂંચવાતો, ક્યારેક વરસાદમાં ભેજભર્યો તો ક્યારેક તડકામાં ધગધગતો. એ વહેતા સમયમાં ક્યારેક હું ખેંચાઉં અને ખરડાઉં તો ક્યારેક અળગો ઊભો રહી એને જોતો રહું અને મલકાઉં.

જાણે હમણાં જ ઈંડું ફોડીને બહાર નીકળ્યું હોય એવું કોઈ પંખી આકાશને માપવા પાંખ પ્રસારે તેમ હું પ્રસારું છું મને, સમયને માપવા માટે. અને આ સમય તો હવાની જેમ મને અડતોકને હાઉકલી કરી લપાઈ જાય છે. સંતાકૂકડીની આ રમતમાં હું અને સમય શોધતા રહીએ છીએ એકબીજાને.

મારી સામે તો છે સમયનું સાવ કોરું કૅન્વાસ. મારે એમાં રેખાઓ આળખીને, એમાં થોડા રંગો પૂરીને જીવતું કરવું છે એને. હું લીટોડા કર્યા કરું છું અને પાછો એને ભૂંસતો રહું છું. ક્યારેક રેખાઓનું માળખું રચાય છે. પછી એમાં રંગો પૂરવા

કોરી આંખોમાં પીંછી બોળું છું અને અંદરથી જાણે દરિયો ધસી આવે છે. મેં દોરવા ધારેલાં બધાં જ ચિત્રોને એ તાણી જાય છે. ભીની રેતી જેવો કાગળ મને તાક્યા કરે છે. મારી બુઠ્ઠી આંગળીઓ સમયના કૅન્વાસ પર તોળાયેલા આકાશને સ્પર્શવા મથે છે અને મારી છાતીની અંદર ગોરંભાયેલું આકાશ તરખાટ મચાવે છે. પવનનાં ઝાપટાં, વિખેરાતી રેખાઓ, ઊભરાતા રંગો અને ઝબકારા-ચમકારા વચ્ચે હું વહેતા સમયના કૅન્વાસ પર મારા નહીં દોરાયેલાં ચિત્રોની રેખાઓ આળેખવા મથ્યા કરું છું.

*(પરબ : ઑગસ્ટ, ૨૦૧૯)*

# વાટ જોતું ઊભું છે આકાશ

એક નાનકડું પંખી આવી ગયું છે બારી વાટે મારા ઓરડામાં. નાનકડું. રૂપકડું. જાણે હવાનું બનેલું હોય એવું. અરે, આને તો પાસેના સરગવાના વૃક્ષ પર જોયેલું. મજાનો માળો બાંધીને અંદર બેઠેલું. નાનકડી ચાંચથી આકાશને ફોલતું. સરગવાની ડાળી પર ઝૂલતું. ફરરર દઈ આકાશમાં આંટો મારી આવતું. આ પંખી ભૂલું પડ્યું છે મારા ઓરડામાં. ઓરડામાં તો છે પુસ્તકોના ઢગલા. ભેજભરી દીવાલો. ઊડવા જાય છે ને દીવાલો પર અથડાય છે. હું ઊભો થઈ, હળવે રહી પંખો બંધ કરું છું. અહીંતહીં અથડાતું એ પંખાના પાંખડા પર બેસી જાય છે. ઊડવા મથે છે તો ઉપર આકાશને બદલે છત. પુસ્તકોને ઢાંકી બેઠેલા કબાટના કાચ સાથે ઘડીકમાં અથડાય. પાછું ફરરર કરતુંક બેસી જાય પંખાની પાંખે.

ભયાવહ નજરે પંખીને તાકતો હું પંખી બની જાઉં છું. દીવાલો મને ઘેરી વળે છે. ક્યાં છે મારું સરગવાનું સુગંધભીનું વૃક્ષ? ક્યાં છે માળો? ક્યાં છે મારી પાંખોમાં ભરાયેલું આકાશ, ઝાડ પરનાં મારાં સાથીઓ, પાંદડાંઓ વચ્ચે રમતો તડકો, મુક્ત હવા – ક્યાં છે? ક્યાં? ભૂલો પડ્યો છું દીવાલોના પ્રદેશમાં! માથે છત. ગૂંગળામણ. અથડામણ.

પંખીના ખોળિયામાં હું ઝાઝું રહી શકતો નથી. ફરી આવી જાઉં છું ટેબલ પાસેની ખુરશી પર. ઓહ! મને કળ વળતી નથી. મૂંઝાયેલું – શ્વેતકંઠ, નાનીનાની ભયભીત આંખોથી તાક્યા કરે છે ચોમેર. હળવેકથી ઊભો થઈ બધી જ બારીઓ ખોલી નાખું છું. બારણું તો ખુલ્લું જ છે. મનોમન હું કહું છું – ભાઈ પંખી, ચાલ્યું જા, ચાલ્યું જા તારા આકાશમાં. નીકળી જા બારીમાંથી બહાર, પણ એ ક્યાં સમજે છે મારી ભાષા! અને એની ભાષા તો મને આવડતી નથી. થોડી વાર પૂતળાની જેમ બેસી રહું છું ખુરશી પર નિષ્પલક. થાય છે, મારો સંચાર કદાચ એને ભયભીત કરતો હોય. મારું અહીં હોવું એને કનડતું હોય. પછી ચુપકીદીથી નીકળી જાઉં છું ઓરડાની બહાર. અને થોડી વારે આવીને જોઉં છું તો પંખીએ એનો માર્ગ શોધી લીધો હોય છે. આવી ચડ્યો છું હુંય આ પંખીની જેમ કોઈ અજાણ્યા ઓરડામાં. આકાશમાં ફેલાઈ જવા પાંખ પ્રસારું છું ને છત સાથે અથડાઉં છું. અડખેપડખે પાર વિનાની ભીંતો. અરે, કોઈ તો બારી ખોલો. ના, તમારો બતાવ્યો માર્ગ મને નહીં ફાવે. શોધી લેવા દો મને એકલાને મારો માર્ગ. બહાર આકાશ મારી વાટ જોતું ઊભું છે.

*(ઉદ્દેશ : ઑક્ટોબર, ૧૯૯૮)*

# પાનખરના દિવસો

પંખીની પહેલી ઓળખ એનો અવાજ. વર્ણ, કદ, આકાર બધું પછી ધીમેધીમે આવે. નામ તો છેક છેલ્લે આવે. નામ ઓગળી જાય પણ વર્ણ, કદ, આકાર દૃશ્યપટલ પર અંકાયેલાં રહે. અવિરત અંદર ને અંદર ગુંજતો રહે અવાજ.

રવીન્દ્રનાથે તો ગીત વિશે કહેલું 'સપ્ત સૂર, સપ્ત પખ, અર્થભાર હીન...' આ પંખી પણ એક રીતે તો હરતુંફરતું ગીત જ ને! સાતેય સૂરોને ઘૂંટીને અવાજના કોઈ અદૃષ્ટ બિન્દુ તરફ એ આપણને ખેંચતું રહે. પાંખો તો કેવળ સાત જ નહીં પણ અનંત થઈ વિસ્તરતી હોય જાણે. અને આપણે પણ એના સ્વર સાથે આકાશમાં તરતા રહીએ નિર્ભાર.

■

આંગણાનાં વૃક્ષો તો હવે ઓસરતાં ચાલ્યાં, પણ પડોશનાં વૃક્ષોની ધારેધારે અદીઠ પંખીના ઉડ્ડયનને જોયા કરું છું. ડોલતાં વૃક્ષોની કાંધે ચળકતો તડકો પંખીના આકારને કોઈ તેજવલયમાં પરાવર્તિત કરતો રહે છે. ખર-ખર-ખર પર્ણો ખરે છે. વૃક્ષો પરથી ખરતાં આ પાન હમણાં જ પંખી થઈ આકાશે ઊડવા લાગશે એવો ભાસ ક્યારેક કરાવે છે.

કરચલિયાળું તળાવ

દાદર પરનાં બાકોરાંમાંથી આવતો તડકો ચાંદરણાં સાથેની રમતના બચપણના દિવસોમાં લઈ જાય છે. હથેળી ધરી બેસું છું. આંખ મીંચું છું અને હાથની રેખાઓ વૃક્ષનો આકાર ધારણ કરવા લાગે છે. પર્ણો ફૂટે છે. થોડાં પુષ્પો અને પુષ્પોની પ્યાલીમાં ચાંચ બોળી બેઠેલું પંખી...

પાનખરના દિવસો છે. વૃક્ષની ડાળીઓ દિગંબર થઈ ઊભી છે. શુષ્ક ડાળીઓની બરછટ ત્વચા જેવા સમય-સંદર્ભો આસપાસ ચકરાવા લેતા દેખાય છે, તેમ છતાં કોણ જાણે કેમ પેલા પંખીનો સ્વર કોઈ અગમબિન્દુ તરફ ખેંચતો રહે છે મને સતત...

*(બુદ્ધિપ્રકાશ : જૂન, ૨૦૧૭)*

# કૂંપળ ફૂટ્યાનો અણસાર

મોંસૂઝણાની વેળા છે. હમણાં ઘણા દિવસ પછી વહેલી સવારનો આ ઝલમલતો પ્રકાશ જોયો છે. કલકલિયો ક્યારનો એના ધ્વનિ-તરંગોને સવારની શીતળ હવામાં પ્રસારતો રહ્યો છે. બીજાં કેટલાંક પંખીઓ પણ એમાં ધીમે સાદે સૂર પુરાવે છે. હું કાન સરવા કરી એ બધા અવાજ ઓળખવા મથું છું, પણ ભોટ સાબિત થાઉં છું. એક-બે અવાજો પરખાય છે, પણ નામ આપી શકતો નથી. અત્યારે તો મસ્તીમાં આવી ગયેલા કલકલિયાનો અવાજ જ બધે છવાયેલો છે.

સૂરજ ઊગ્યા પહેલાંનું હિંગળોકિયું આકાશ. લાલ-કેસરીના મિશ્ર પર્દા નીચેથી સૂરજ ધીમે રહીને બહાર નીકળી રહ્યો છે. અંધકારના ઢગલા નીચે દબાયેલાં વૃક્ષો પરનું અંધારું હળવેકથી ઓગળી રહ્યું છે.

ચાલ્યા જતા અંધકારને આવનારા અજવાળામાં ઘૂંટીને શ્વાસમાં ભરું અને કામે લાગું...

■

મારા ઓરડામાં શાંત બેઠો છું. સામેના મકાનમાં કામ ચાલે છે. મશીનોનો ઘર્ઘરાટ સંભળાયા કરે છે. ઓરડાનો પંખો ગરજે છે એટલું વરસતો નથી. થોડી

હવા મેળવવા એને વધુ સાંભળવો પડે છે. ચોમાસું ઠેલાતું ગયું છે. વાદળો બંધાય છે ને વિખેરાય છે. પવન ફૂંકાતો રહે છે. હમણાં જ પાસેના વૃક્ષ પરથી ટહુક્યું એ પંખીના સ્વરમાં કદાચ વરસાદની જ ચિંતા ભરેલી છે. સવારે ચાલવા નીકળવામાં હમણાં મોડું થઈ જાય છે. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માંથી એક અવતરણ મારી ડાયરીમાં ઉતાર્યું છે :

'In every walk with nature one receives far more than he seeks.'

વાત તો સાચી. ઇચ્છ્યાથી અનેક ગણું કુદરત તો આપતી રહે. મારી પાસે અહીં નેચર-કુદરત-ના નામે છે એક નાનકડો બગીચો – અને આસપાસ થોડાં વૃક્ષો. અને જોઈતું તો શું હોય આપણને કુદરત પાસેથી? કેવળ સંગાથ. હા, વૃક્ષો ફૂલ-છોડ કે પંખીઓ સંગાથે થોડો સમય પણ રહેવાનું ગમે. એમાં ક્યારેક એવી પળો આવે કે સમય ભુલાઈ ગયો હોય. બસ, આ જ more than one seeks – ઇચ્છ્યાથી અદકેરું. આપણી ધારણા બહારનું કશુંક. ચાલતાં ચાલતાં ઘણીવાર અંદરની પ્રકૃતિ સાથે તાર જોડાઈ જાય ત્યારે આપણે ચાલતાં હોઈએ તે રસ્તા પર ન હોઈએ. કશેક બીજે જ હોઈએ. કુદરત સંગે ચાલવાની આ અણધારી ઉપલબ્ધિ.

અણધાર્યું તો ઘણું બનતું રહે જે આપણને સાવ અજાણ્યા પ્રદેશમાં ખેંચી જાય. આપણા બધા જ સમયપત્રકો – આયોજનો મોં વકાસીને જોતા રહે. આપણે ઘડીક મૂંઝાઈએ, પછી ચૂપચાપ એમાં જોડાઈ જઈએ...

સોનાલીની ડાળે દરજીડો પ્રલંબ સાદે ગાયા કરે છે અને હું અહીં મારા ટેબલ પાસે બેઠો છું, સુકાઈ ગયેલા લાકડા જેવો. ઝીણાઝીણા પંખીસ્વરોમાં વરસાદ આવવાની આશા વર્તાય છે અને મારામાં કૂંપળ ફૂટ્યાના અણસાર...

*(બુદ્ધિપ્રકાશ : સપ્ટેમ્બર, ૨૦૧૮)*

# સાવ પોતાનો અવસાદ

*વરસાદના પ્રાસમાં ટપકે છે અવસાદ*

ડેલીબંધ બેઠેલા હોઈએ. હથેળી જેમ ફેલાયેલું આંગણું આપણને ઝીલીને બેઠું હોય. માથે હોય આપણું પોતાનું આકાશ. એ આકાશમાંથી ક્યારેક વરસે વરસાદ – ક્યારેક અવસાદ. એકસરખું નીતરવાનું આપણે.

બધું જ જ્યારે સંકેલાઈ જાય ત્યારે પણ આ ડેલીબંધ આકાશ આંખની દાબડીમાં અકબંધ રહેવાનું છે. સ્મૃતિબદ્ધ ક્ષણો સચવાયેલી રહેવાની છે એ આકાશમાં.

અવસાદ ઝરમર ઝરમર વરસે છે. રેલા ઊતરે છે. ટપકતો ટપકતો અવસાદ ચામડી વીંધીને ભીતર વહેવા લાગે છે ત્યારે આકાશ મારે છે હળવી ફૂંક – પાંસળીના પાવામાં.

બધું જ નિતારી લીધા પછી છેક તળિયે બેસી જાય તે ક્ષણો આપણી હોય છે. ચૂપચાપ ભીતર બેઠેલી એ ક્ષણો જ્યારે બધું જ ડહોળાઈ જાય ત્યારે હળવેક રહીને સ્પર્શી જાય છે આપણને. ચિત્તના ગભારામાં જલતી રહે છે એ ક્ષણો અને જ્યારે બધે જ ઘોર અંધારું ફેલાય ત્યારે ઝબકીને સાથ આપતી રહે છે મૂગીમંતર. અવસાદ જ્યારે લૂમેઝૂમે છે ત્યારે એની ટોચ પર ઝળકે છે એ ક્ષણો.

અવસાદ છેક ભીતર વહેનારી વસ છે અને તેથી એ હોય છે સાવ પોતાનો. ઇચ્છાઓનાં જળ પાઈને આપણે એને ઉછેર્યો હોય છે. વાસનાના તડકાથી એનો રંગ ઘેરો બન્યો હોય છે. અપેક્ષાઓના ખાતરથી એની વૃદ્ધિ થઈ હોય છે.

ડેલીબંધ આકાશ તળે અવસાદ વીંટળાઈ વળે છે આપણને, અને એ જ સમયે, ઠીક એ જ સમયે અવસાદના છોડને ફૂલ ફૂટે છે.

જીવી જવાનું હોય છે અવસાદને સાચવવા – એના પર ફૂટતા ફૂલને ચપટી આકાશ આપવા.

સાવ પોતાનો અવસાદ તાકી રહે છે ફૂટતા ફૂલને અનિમેષ. ઝરમર રેલાતું રહે છે આકાશ.

*(દસમો દાયકો : જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૯૪)*